# અમદાવાદ-સુરત હવે ક્રાઈમ કેપિટલ

**ગુજરાતમાં** કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળી ગઈ : કોંગ્રેસ

ગાંધીનગર : રાજ્યમાં ગુનેગારોને પોલીસનો કોઈ ડર નથી અને રાજ્ય સરકાર કાયદો અને વ્યવસ્થા જાળવવામાં નિષ્ફળ ગઈ છે, તેવો આક્ષેપ કરતાં ગુજરાત કોંગ્રેસે જણાવ્યું હતું કે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અત્યંત ગંભીર છે. માત્ર ૪૮ કલાકમાં શહેરમાં બનેલી બે જઘન્ય હત્યાઓએ રાજ્યની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર પ્રશ્નચિહ્ન છે. તા.૧૨ સપ્ટેમ્બરના રોજ પાલડી પોલીસ સ્ટેશનથી નજીક યુવકની ક્રૂર હત્યા કરવાના આવી. ૧૩ સપ્ટેમ્બરના રોજ વિરાટનગર ક્રોસિંગ પર બિલ્ડરની ક્રૂર હત્યા થઈ છે. આ ઘટનાઓ સ્પષ્ટ સંકેત આપે છે કે જનતાની સલામતી ભગવાન ભરોશે છે. ગુજરાતમાં કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળેલી ગઈ છે. રાજ્યનાં મુખ્યમંત્રી અને ગૃહમંત્રીનાં શહેરો ક્રાઈમ કેપિટલ બન્યા છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડૉ.મનીષ દોશીએ જણાવ્યું હતું કે રાજ્યના મુખ્ય ચાર મહાનગરો અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ માં કથળેલી કાયદો વ્યવસ્થાને કારણે નાગરિકોની સુરક્ષા ભગવાન ભરોશે છે.

ડૉ દોશીએ કહ્યું હતુ કે, ગૃહ વિભાગ એ ભ્રષ્ટાચારનું એપીસેન્ટર છે. રાજ્યમાં નશીલા પદાર્થોનો કાળો કારોબાર બેફામ ચાલી રહ્યો છે. ગુંડા અને ગુન્હેગારોને બદલે તંત્ર વિપક્ષના નેતાઓ આગેવાનો પાછળ નજર રાખવામાં વ્યસ્ત છે. રાજ્યમાં હપ્તારાજ વ્યાપક બન્યું છે. બેફામ બનેલા ગુંડા-અસામાજિક તત્વોને કાબુમાં લેવામાં સદંતર નિષ્ફળ ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા પ્રવક્તા ડૉ.દોશીએ જણાવ્યું હતું કે રાજ્યમાં ગુનેગારોમાં પોલીસ તથા શાસન તંત્રનો હવે કોઈ ભય રહ્યો નથી.

ખુલ્લેઆમ થઈ રહેલી આવી હિંસક ઘટનાઓ સાબિત કરે છે કે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવામાં સરકાર નિષ્ફળ સાબિત થઈ રહી છે. પ્રજાજનોની સુરક્ષા સુનિશ્ચિત કરવી એ કોઈપણ સરકારની સર્વોચ્ચ જવાબદારી હોય છે. સામાન્ય નાગરિકોમાં ભયનો માહોલ છે અને ગુનેગારો નિર્ભય બનીને કાયદાની ધજાગરા ઉડાવી રહ્યા છે.

બંને હત્યાઓની તાત્કાલિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે,આરોપીઓને ઝડપથી પકડી કડકમાં કડક સજા આપવામાં આવે.



### પાંચ મહિનામાં બનેલી ગુન્હાખોરીની વિગત

| શહેર-જિલ્લા | રેપ | છેડતી | ચોરી | મારામારી | લૂંટ | ઠગાઈ | જુગાર |
|---|---|---|---|---|---|---|---|
| અમદાવાદ | ૧૫૪ | ૯૦ | ૧૮૦૩ | ૮૦૪ | ૪૨ | ૨૭૬ | ૭૦૦ |
| સુરત | ૧૮૮ | ૭૮ | ૭૪૦ | ૩૧૮ | ૨૭ | ૨૯૦ | ૪૧૮ |
| વડોદરા | ૬૧ | ૪૮ | ૩૭૧ | ૨૪૧ | ૪ | ૬૯ | ૧૨૩ |
| રાજકોટ | ૬૦ | ૧૧ | ૩૮૩ | ૧૪૮ | ૯ | ૧૧૦ | 333 |

## અમીત શાહે રૂ. ૧૦૦ કરોડની 'દીકરી દત્તક યોજના'નું લોકાર્પણ કર્યુ

ગાંધીનગર,તા.14: કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિત શાહ દ્વારા સરદાર ધામ ખાતે ફેઝ-૨ કન્યા છાત્રાલય તથા રૂ. ૧૦૦ કરોડની 'દીકરી દત્તક યોજના'નું આજે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ અવસરે સીએમ ભૂપેન્દ્ર પટેલની પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શાહે જણાવ્યું હતું કે, દરેક સમાજ આ રીતે જાગૃત બને તો સરકારનું કાર્ય સરળ અને સહજ થઈ જાય. વધુમાં, પટેલ સમાજનું સમગ્ર ગુજરાતના વિકાસમાં ખૂબ જ મોટું યોગદાન રહેલું છે. દીકરીઓને હોસ્ટેલમાં મુકતા મા બાપ ગભરાય છે, ત્યારે પોતાના સમાજ દ્વારા જ્યારે આવી સુરક્ષિત વ્યવસ્થા ઉભી કરવામાં આવે તો ગામડાઓમાંથી પણ દીકરીઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે બહાર આવી પોતાનું ભવિષ્ય સુનિશ્ચિત કરી શકશે. તેમણે ઉમેર્યું હતું કે, સરદાર ધામનું સ્લોગન "સમાજ નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ" જો દરેક સમાજ સ્વીકાર કરે તો ખરેખર રાષ્ટ્રનું શ્રેષ્ઠ નિર્માણ થશે.

# ઓઢવના પાટીદાર બિલ્ડરની હત્યાની સોપારી અપાઈ હતી

**સોપારી** લઇને પાટીદાર અગ્રણીની હત્યા કરનાર ત્રણ ઝડપાયા

**લેઉવા** સમાજના અગ્રણીએ વિદ્યાર્થી માટે હોસ્ટેલ પણ બનાવી છે

અમદાવાદ : ગઈકાલે મોડી રાત્રે અમદાવાદ મહાનગર પાલિકાની પૂર્વ ઝોનની ઓફિસની સામેના ભાગે વિરાટનગર બ્રિજની નીચેથી સફેદ કલરની એક મર્સિડીઝ કારની ડિકીમાંથી પાટીદાર અગ્રણી- બિલ્ડર હિંમતભાઈ રૂડાણીની તિક્ષ્ણ હથિયાર મારી હત્યા કરેલી લાશ મળી આવી હતી. જો કે પોલીસે આ હત્યા કેસનો ભેદ ઉકેલીને ત્રણ આરોપીઓની રાજસ્થાનના સિરોહીથી ધરપકડ કરી લીધી છે. આ આરોપીઓની પુછપરછમાં આ જ વિસ્તારના અન્ય એક બિલ્ડર મનસુખ લખાણી ઉર્ફે જેકીની સંડોવણી ખૂલી છે. પોલીસે ઝડપી લીધેલા ત્રણ આરોપીઓમાં હિંમાશું ઉર્ફે રાહુલ હરીશભાઈ રાઠોડ (રહે.હિરાવાડી, ચાર રસ્તા અમદાવાદ), પપ્પુ હિરાજી મેઘવાલ (રહે.જાવલ શીરોહી) અને એક સગીરનો સમાવેશ થાય છે.

બિલ્ડર હિંમત રૂડાણીની હત્યા માટે ઝડપાયેલ 3 આરોપીને બિલ્ડર મનસુખ લાખાણી ઉર્ફે જેકીએ સોપારી આપી હતી. વર્ષ 2024 માં પણ મૃતક બિલ્ડરના હિંમત રૂડાણીના પુત્રએ બિલ્ડર આરોપી મનસુખ લખાણી ઉર્ફે જેકીના પુત્ર સામે દોઢ કરોડ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આમ રૂપિયાની લેતીદેતીમાં અદાવત રાખીને સોપારી આપીને હત્યા કરાવાઈ હોવાની વિગતો બહાર આવી છે. પોલીસે સમગ્ર હત્યા કેસમાં મનસુખ લખાણી ઉર્ફે જેકીની પણ પુછપરછ શરૂ કરી છે.

પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે, તેમની ગાડીના ડેકીમાં મૃતદેહ મૂકવામાં આવ્યો હતો. શરીર પર ચપ્પાના ઘા મારી હત્યા કરી હોય તેવા નિશાન મળ્યા છે. બિલ્ડર સવારે ઘરેથી કન્સ્ટ્રક્શન સાઈટ પર જવા નીકળ્યા હતા. 11 વાગ્યે મૃતકના દીકરાએ મૃતકને રિંગ રોડ પર પસાર થતા જોયા હતા. પૈસાની લેતી દેતીમાં હત્યા થઈ હોવાની પોલીસને શંકા છે. રામોલ, ઓઢવ અને નિકોલ પોલીસ સહિત 50 જેટલા પોલીસ કર્મીઓએ અને સીનીયર પોલીસ અધિકારીઓએ રાત દરમિયાન ઓપરેશન પાર પાડીને બનાસકાંઠા એલસીબી અને અમીરગઢ પોલીસની મદદથી આરોપીઓને ઝડપી લીધા હતા.મૃતક બિલ્ડર હિંમત રૂડાણી લેઉવા પાટીદાર સમાજના અગ્રણી છે. તેઓ કન્સ્ટ્રક્શનનો વ્યવસાય કરે છે. નરોડા અને નિકોલ વિસ્તારમાં તેમની કન્સ્ટ્રકશન સાઈટો ચાલે છે. ઠક્કરબાપાનગર બ્રિજ પાસે તેમણે પાટીદાર સમાજના બાળકો રહીને ભણી શકે તેના માટે હોસ્ટેલ છે.

**કાકરાપારની નહેરમાં ૯૦ દિવસ પાણી બંધ રહેશે જ**

# ખેડૂત સમાજ ખેડૂતોને ઊંધા ચશ્મા પહેરાવે છે: મંત્રી

**ઓલપાડમાં** જાહેર મંચ પરથી વનમંત્રી મુકેશ પટેલ તાડુક્યા,

**'સર'**નો વિરોધ કરાવ્યો તો ધોલેરા લાભ ખાટી ગયું, નહેરની કેપેસિટી વધારવા મરામત માટે પાણી બંધ રાખવું જ પડશે

સાયણઃ ગુજરાત સરકારના વન અને પર્યાવરણ રાજ્યમંત્રી મુકેશ પટેલે ઓલપાડ ખાતેના એક જાહેર કાર્યક્રમમાં કાકરાપાર જમણા કાંઠાની નહેરમાં ૯૦ દિવસ સુધી સિંચાઈનું પાણી બંધ રહેશે એવું નિવેદન આપ્યું છે.

સરકારના સિંચાઈ તંત્ર દ્વારા કાકરાપાર જમણા કાંઠાની નહેરની મરામત માટે ૯૦ દિવસ સુધી નહેરમાં સિંચાઈનું પાણી બંધ રાખવાનો નિર્ણય કરાયો છે. જો કે આ નિર્ણયથી સુરત જિલ્લાના માંડવી, ઓલપાડ, ચોર્યાસી, માંગરોળ સહિત હાંસોટ તાલુકાના ખેડૂતોની નારાજગીથી ગુજરાત ખેડૂત સમાજના નેતાઓએ વિરોધ કરી સરકારને ઘેરવા માટે ત્રણ દિવસ પહેલા ઓલપાડ ખાતે ખેડૂતો સાથેની મિટીંગમાં આ નિર્ણય રદ કરવા સરકારને અલ્ટીમેટમ આપી વિવિધ વિરોધના કાર્યક્રમો જાહેર કર્યા છે. ત્યારે વનમંત્રી મુકેશ પટેલના આ નિવેદનથી ગુજરાત ખેડૂત સમાજના નેતાઓ અને સરકાર આમને- સામને આવી ગયા છે.

આજે તા. ૧૪મીના રવિવારે ઓલપાડ ખાતેના એક કાર્યક્રમમાં વનમંત્રી મુકેશ પટેલે જાહેર મંચ પરથી કહ્યું હતું કે, અગાઉના વર્ષમાં પણ ૯૦ દિવસ સુધી નહેર બંધ રાખવામાં હતી, ત્યારે પણ કોઈ ખેડૂતના પાકને નુકસાન થયું નથી. જેથી ખેડૂત સમાજ ખેડૂતોને ઊંધા ચશ્માં પહેરાવવાનું કામ કરી રહ્યો છે. આ ઉપરાંત ૨૦૧૩-૧૪માં પણ ખેડૂત સમાજે 'સર'નાં કાયદાનો ખેડૂતો પાસે વિરોધ કરાવી 'સર-સર' કરીને લોકોના શિર કાપી નાંખવાનો પ્રયાસ કર્યો હતો. જેના પગલે આપણા વિસ્તારમાંથી 'સર' રદ થતાં સુરતથી રદ થયેલું 'સર' ધોલેરા ગયું. જેના પગલે આજે ધોલેરામાં નંબર-૧નું એરપોર્ટ બનવા જઈ રહ્યું છે. તેમણે વધુમાં કહ્યું કે, ખેડૂતો માટે સિંચાઈ કેનાલનું પાણી તબક્કાવાર વહેવડાવાની હાલની ૨૪૫૦ની કેપેસિટી વધારીને ૩૬૫૦ સુધીની કરવા નહેરની મરામત કરવી જરૂરી છે. જ્યારે ૧૯૫૮માં કાકરાપાર ડેમ ઉપર બનેલા સાયફનો અને ૮ જેટલા એકવાડેગ જર્જરિત હોવાથી જો તે તૂટી જાય તો કેટલાય દિવસો સુધી કેનાલ બંધ રાખવી પડે. જેથી તે સમયે ખેડૂતોને થતાં મોટા નુકસાનથી બચાવવા પણ મરામત કરવાની જરૂર છે. આ એકવાડેગને નવા બનાવવા માટે વધુ સમય લાગી શકે તેમ હોવાથી ૯૦ દિવસ નહેરમાં પાણી બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

વનમંત્રીના આ નિવેદનથી ખેડૂત સમાજના નેતાઓ આવનારા દિવસોમાં વધુ વિરોધ પ્રદર્શન કરે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે.

**પત્નીના સરનામા પરથી પોલીસ શોધી કાઢે તેવો ડર હતો**

# પોલીસ પકડી લેશે તેવા ડરથી આરોપીએ લગ્ન જ નહીં કર્યા

**કામરેજ** વિસ્તારમાં હત્યા કરનાર 17 વર્ષે પકડાયો

સુરતઃ સુરત ગ્રામ્યના કામરેજ પોલીસ સ્ટેશન હેઠળના એક હત્યા કેસમાં છેલ્લા 17 વર્ષથી નાસતા ફરતા અને 10000નું ઇનામ ધરાવતા એક મોસ્ટ વોન્ટેડ આરોપીને સુરત શહેર પીસીબીએ મોરબીથી ઝડપી પાડ્યો છે. આ આરોપીનો કિસ્સો એટલો અનોખો છે કે તેણે માત્ર પોલીસના ડરથી લગ્ન પણ કર્યા ન હતા.

પીસીબી પોલીસ પાસે મળતી માહિતી મુજબ 2008ના વર્ષમાં, રાજેશ છૂટક ડ્રાઇવિંગ કરતો હતો. તે વખતે તેની મિત્રતા વિપુલભાઈ લાલજીભાઈ સોલંકી નામના અન્ય ડ્રાઇવર સાથે થઇ હતી. એક દિવસ, વિપુલભાઈ જેતપુરથી કરજણ અને સુરત માટે લસણ અને ઘઉંનો માલ ટેમ્પોમાં ભરીને નીકળ્યા હતા. રસ્તામાં ટેમ્પો વારંવાર પંક્ચર થતાં વિપુલભાઈએ રાજેશને મદદ માટે બોલાવ્યો હતો. કરજણમાં લસણનો માલ ઉતાર્યા બાદ રાજેશને લાગ્યું કે વિપુલભાઈ પાસે વેપારીના પૈસા છે. આ લાલચમાં તેણે વિપુલભાઈ પર પેટ અને છાતીના ભાગે જીવલેણ હુમલો કર્યો, જેના કારણે તેમનું મોત થયું.જોકે, હત્યા બાદ રાજેશને વિપુલભાઈ પાસેથી કોઈ પૈસા મળ્યા નહોતા. તે ટેમ્પોને રસ્તામાં છોડીને ભાગી ગયો હતો.

પોલીસથી બચવા માટે તેણે વિવિધ જગ્યાએ છૂટક મજૂરી કરીને જીવન ગુજાર્યું. તે પાંચ વર્ષ સુધી છોટા ઉદેપુરના ક્વાંટ ખાતે ક્વોરીમાં મજૂરી કામ કરતો રહ્યો. ત્યારબાદ પાંચ વર્ષ મોરબીના દેવળિયા ગામમાં અને છેલ્લા 7-8 વર્ષથી કડીયાણા ગામના થ્રેશર કારખાનામાં મજૂરી કરતો હતો.આ કેસમાં પોલીસને લાંબા સમય સુધી રાજેશની ભાળ મળી નહોતી. તેના માતા-પિતાએ પણ તે છેલ્લા 18 વર્ષથી ઘરે રહેતો ન હોવાનું જણાવ્યું હતું. આ કારણે પોલીસે આ કેસને "વર્ગ-અ" પડત સમરીમાં દાખલ કર્યો હતો. સુરત ગ્રામ્ય પોલીસ અધિક્ષકે તેને પકડવા માટે 10000નું ઇનામ પણ જાહેર કર્યું હતું. આખરે, પીસીબીને બાતમી મળી કે રાજેશ મોરબીના હળવદ તાલુકામાં છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી તેને સફળતાપૂર્વક ઝડપી લીધો.આરોપીની ઓળખ રાજેશ ઉર્ફે રાજુ ડાહ્યાભાઈ અમૃતિયા (ઉંમર 53) તરીકે થઈ છે. તે મૂળ રાજકોટના ગોંડલ તાલુકાના અનીડા ગામનો રહેવાસી છે.પોલીસે તેની ધરપકડ મોરબી જિલ્લાના હળવદ તાલુકાના કડીયાણા ગામ ખાતે આવેલી હરિઓમ થ્રેશરના કારખાનામાંથી કરી છે. રાજેશ અમૃતિયાએ પોલીસને જણાવ્યું કે તે છેલ્લા 35 વર્ષથી તેના વતનમાં પણ ગયો નથી.

પોલીસના ડરથી તેણે પોતાના પરિવાર સાથે પણ કોઈ સંબંધ રાખ્યો નહોતો. તેની પૂછપરછમાં એ વાત બહાર આવી કે પોલીસ તેની પત્નીના સરનામા પરથી તેને શોધી કાઢશે, તેવા ડરથી તેણે લગ્ન જ કર્યા નહોતા.

# ચોર્યાસીના પાંચ રસ્તાઓનું નવીનીકરણ

**7 વર્ષથી** અવગણાયેલા માર્ગોને સરકારનું ગ્રીન સિગ્નલ, ગ્રામજનોમાં હર્ષની લાગણી

સુરત : ચોર્યાસી વિધાનસભા ક્ષેત્રના અનેક ગામોમાં છેલ્લા સાત વર્ષથી એક પણ વખત રિસરફેસિંગ નહીં થયેલા રસ્તાઓ હવે ટૂંક સમયમાં નવો જીવ મેળવવા જઈ રહ્યા છે. વાંઝ, વક્તાણા, લાજપોર, દેવધ અને દામકા ગામના પાંચ મહત્વના માર્ગોના નવીનીકરણ માટે રાજ્ય સરકારે રૂપિયા 770 લાખ (અંદાજે રૂપિયા 7.7 કરોડ)નો ખર્ચ મંજૂર કર્યો છે.

સ્થાનિક ગ્રામજનો લાંબા સમયથી બિસ્માર હાલતમાં આવેલા માર્ગોને કારણે પરેશાન હતા. રોજિંદા વાહનવ્યવહાર તેમજ પરિવહનમાં તકલીફો ઉભી થઈ રહી હતી. ખાસ કરીને વરસાદી સિઝનમાં કાદવ અને ખાડાઓને કારણે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. અનેક વખત રજૂઆત છતાં સમસ્યાનો ઉકેલ નહીં આવતા લોકોમાં અસંતોષ જોવા મળતો હતો. ચોર્યાસી ધારાસભ્ય સંદીપ દેસાઈએ આ મુદ્દે ખાસ તાકીદ કરી હતી. તેમણે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સમક્ષ રજૂઆત કરી હતી. આ રજૂઆતને રાજ્ય સરકારે સકારાત્મક પ્રતિસાદ આપતા તાત્કાલિક પગલાં લીધા છે.

પરિણામે પાંચ મહત્વના માર્ગોના નવીનીકરણને મંજુરી મળતાં વિસ્તારમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે.

**નવીનીકરણ થનારા માર્ગોની યાદી**

- વાંઝ-વક્તાણા રોડ
- વક્તાણા હળપતિવાસ રોડ
- લાજપોર હળપતિવાસ રોડ
- દેવધ હળપતિવાસ રોડ
- દામકા-ભાસતા

**૪૨,૫૮૫માંથી ૨૭,૯૯૮ ઉમેદવારોની હાજરી**

# ૩૪.૨૫ ટકા ઉમેદવારોને તલાટી બનવામાં રસ નથી

**સુરતમાં** મહેસુલ તલાટી વર્ગ-૩ પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ

સુરતઃ ગુજરાત ગૌણસેવા પસંદગી મંડળ દ્વારા આજે સમગ્ર રાજ્યમાં મહેસુલ તલાટી વર્ગ-૩ ની સીધી ભરતી માટેની લેખિત પરીક્ષા યોજાઈ હતી. સુરત શહેરમાં આ પરીક્ષા માટે કુલ ૪૨,૫૮૫ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. જેમાંથી ૩૪.૨૫ ટકા ઉમેદવાર ગેરહાજર રહ્યા હતા.

પરીક્ષા માટે સુરતમાં કુલ ૧૪૩ બિલ્ડિંગ અને ૧૪૨૦ બ્લોકમાં પરીક્ષા કેન્દ્રો બનાવવામાં આવ્યા હતા. જેમાંથી આજે ૨૭,૯૯૮ ઉમેદવારોએ હાજરી આપી હતી, જ્યારે ૧૪,૫૮૭ ઉમેદવાર ગેરહાજર રહ્યા હતા. આ રીતે સુરતમાં ૬૫.૭૫ ટકા હાજરી નોંધાઈ હતી, જ્યારે ૩૪.૨૫ ટકા ઉમેદવારો ગેરહાજર રહ્યા હતા. ઉમેદવારોનું ઓળખાણ ખાતરી કરવા માટે બાયોમેટ્રીક સ્કેનીંગ કરાયું હતું. ઉપરાંત, પરીક્ષામાં પારદર્શિતા જળવાઈ રહે તે માટે ગાંધીનગરથી સીધી દેખરેખ હેઠળ સીસીટીવી લાઈવ સ્ટ્રીમીંગની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરીક્ષા બપોરે ૨ થી ૫ વાગ્યા સુધી યોજાઈ હતી. સમગ્ર પરીક્ષા પ્રક્રિયા દરમિયાન સુરત શહેરમાં શાંતિપૂર્ણ વાતાવરણ રહ્યું હતું. પરીક્ષા એમસીક્યુ પદ્ધતિ હેઠળ લેવાઈ

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

**મનપાએ વધુ...**

સુવલિયાનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય બે બાળક ઈજાગ્રસ્ત થયા છે. મૃતક આર્યનનો પરિવાર મૂળ મધ્યપ્રદેશનો વતની છે અને મજૂરીકામ માટે સુરત આવેલો છે. મળતી વિગતો મુજબ ઘટનાસ્થળે મજૂરીકામ ચાલતું હોવાથી આર્યન અને અન્ય બે બાળક ગાર્ડનના ગેટ પાસે રમી રહ્યા હતા. આ દરમિયાન ગાર્ડનનો ભારે અને જર્જરિત લોખંડનો એન્ટ્રી ગેટ તૂટી પડ્યો હતો, જેમાં આર્યન ગેટ નીચે દબાઈ જવાથી ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, પરંતુ ત્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો. અન્ય બે ઈજાગ્રસ્ત બાળકોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરી સારવાર આપવામાં આવી રહી છે. આર્યનના માતા-પિતા સંજય અને ભૂરી સુવલિયા આ દુર્ઘટનાથી સ્તબ્ધ થઈ ગયા છે. પરિવારજનો અને સમાજના આગેવાનોનો આરોપ છે કે, આ દુર્ઘટના સુરત મહાનગરપાલિકાની બેદરકારીને કારણે બની છે.

આગેવાન હિતેશભાઈ ડામોરે જણાવ્યું કે, ગાર્ડનની જાળવણી તથા સુરક્ષાની જવાબદારી પાલિકાના ગાર્ડન વિભાગ પર હોવા છતાં વર્ષોથી જર્જરિત ગેટનું રિપેરિંગ કરવામાં આવ્યું નહોતું. આ ઘટના બાદ પરિવાર અને સમાજના લોકોએ મૃતદેહ સ્વીકારવાનો ઈનકાર કરી સ્પષ્ટ શબ્દોમાં માંગણી કરી છે કે જવાબદાર અધિકારીઓ તથા કોન્ટ્રાક્ટર સામે બેદરકારી દાખવવા બદલ ગુનો નોંધવામાં આવે. આ ઘટનાએ માત્ર સુવલિયા પરિવારને જ નહીં પરંતુ સમગ્ર સમાજને આઘાતમાં મૂકી દીધો છે અને સુરતમાં ગાર્ડન સંચાલનમાં દાખવાઈ રહેલી બેદરકારી પર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

આ દુર્ઘટના માત્ર પરવટ ગામ ગાર્ડન પુરતી મર્યાદિત નથી, પરંતુ સુરત મહાનગરપાલિકા સંચાલિત અનેક ગાર્ડનોની હાલત વર્ષોથી જર્જરિત છે. શહેરમાં કરોડોના પ્રોજેક્ટો સાકાર કરવામાં આવે છે, નવા નવા ગાર્ડન ઊભા કરવામાં આવે છે અને લોકાર્પણ સમારંભો પણ ધામધૂમથી યોજાય છે, પરંતુ ત્યારબાદ તેમનું યોગ્ય મેઈન્ટેનન્સ થતું નથી. પરિણામે ગાર્ડનમાં મૂકાયેલા રમકડાં, બેસવાની બેંચ, લાઈટિંગ પોલ અને ગેટો વર્ષો સુધી રિપેર ન થતા ખતરનાક હાલતમાં પહોંચી જાય છે. ઘણાં વિસ્તારોના ગાર્ડન આજે કચરાપેટી સમાન બની ગયા છે, તો ક્યાંક ઝાડ-ઝાંખરથી ઘેરાઈ ગયા છે. સુરત શહેરને ગ્રીન સિટી તરીકે પ્રોજેક્ટ કરાય છે, પરંતુ ગાર્ડનના રોજિંદા સંચાલન અને જાળવણીમાં મનપાની સ્પષ્ટ બેદરકારી સામે આવી રહી છે. પરવટ ગામની આ ઘટના એનું જીવંત ઉદાહરણ છે કે, સમયસરની મરામત અને સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હોત તો આર્યન જેવા માસૂમનો જીવ બચી શક્યો હોત. સમાજની માંગ છે કે માત્ર આ ઘટનામાં જ નહીં, પરંતુ સમગ્ર શહેરના ગાર્ડનોની તાત્કાલિક ચકાસણી કરી જરૂરી મરામત કરવી જોઈએ અને જે અધિકારીઓ બેદરકાર છે તેઓ સામે કડક કાર્યવાહી થવી જોઈએ. નહિંતર, સુરત જેવા મેટ્રો સિટીમાં આવનારા દિવસોમાં આવી ઘટનાઓ ફરી ન બને તેની કોઈ ગેરંટી નથી.

**છોકરાઓ લટક્યા...**

જ પેવર બ્લોક નાંખવામાં આવ્યા હતા ત્યારે ગેટ પણ સારી હાલતમાં હતો. રવિવારે જે ઘટના બની તેમાં ગેટ પર છોકરાઓ ઘણીવાર એકસાથે લટકતા હોય છે, જેના કારણે ગેટ તૂટી પડ્યો હોય તેવું લાગી રહ્યું છે.

**શહેરના 80 ટકા...**

છે, જેમાં કોઈ શાંતિકુંજોમાં પેવર બ્લોક તુટેલા છે, ટોયલેટ બ્લોક યોગ્ય નથી, કે પીવાના પાણીની પરબ ખરાબ છે. ગાર્ડનના મેઇન્ટેનેન્સની જવાબદારી ઝોનની હોય છે, પરંતુ ઝોનના અધિકારીઓની બેદરકારીના કારણે લોકોના જીવ જોખમમાં મુકાઇ રહ્યા છે.

**પાનોલીની ઓર્ગેનિક...**

જોતજોતામાં અગનજ્વાળાએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગના કારણે ધુમાડાના ગોટેગોટા દૂર દૂર સુધી દેખાયા હતા, જેનાથી આસપાસના વિસ્તારોમાં ભયનો માહોલ ફેલાયો હતો. એક સ્થાનિકે કહ્યું કે આગના કારણે થયેલા ધડાકા બાદ આસપાસના 5 ગામોમાં ભૂકંપની જેમ ધરા ધ્રુજી ઉઠી હતી. જેને લઈને સ્થાનિકો નાસભાગનો માહોલ સર્જાયો હતો.ઘટના આજે 14 સપ્ટેમ્બરે મળસ્કે 5 વાગ્યે બની હતી. આગની જાણ થતાં જ અંકલેશ્વર અને પાનોલી DPMCના 10થી વધુ ફાયર ફાયટરો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફાયર બ્રિગેડની ટીમે આગ પર કાબૂ મેળવવા માટે સઘન કામગીરી હાથ ધરી હતી. સાડા ત્રણ કલાક બાદ આગ કાબૂમાં આવી ગઈ હતી. સદભાગ્યે, આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગની ઘટનાની જાણ થતા ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી એન્ડ હેલ્થ વિભાગ, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને પોલીસ વિભાગની ટીમ પણ સ્થળ પર પહોંચી ગઈ હતી.

ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ વિભાગની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે કંપનીમાં રહેલ ટોલ્વીનની બે પૈકી એક ટેન્કમાં આગ ફાટી નીકળી હતી ત્યારબાદ આગે સમગ્ર પ્લાન્ટને ચપેટમાં લઈ લીધો હતો. સંજાલીના સ્થાનિક રહીશોએ કહ્યું હતું કે જો આવી બેદરકારીને કારણે કોઈનો જીવ જાય તો તેની જવાબદારી કોણ લેશે? આવી જીવલેણ અને હાનિકારક ઘટનાઓને રોકવા માટે તાત્કાલિક પગલાં ભરાય એવી માંગ કરી છે.

**પકડાયેલા ૯ સહિત...**

અમરેલી)

(6) કેવીન અશોક ધોરાજીયા (ઉ.વ.28,રહે. મીરા હાઈટ્સ સરથાણા)

(7) રોનક મહેન્દ્રકુમાર શાહ (ઉ.વ30,રહે. વેનેસા રેસીડેન્સી વીઆઈપી રોડ વેસુ. મૂળ.સાબરકાંઠા)

(8) ધ્યેય શૈલેષભાઈ પટેલ (ઉ.વ.30,રહે. શ્યામ રચના એપારમેન્ટ વીઆઈપી રોડ વેસુ. મૂળ.,ઓલપાડ)

(9) મયુર વિઠ્ઠલભાઈ કુમ્મર (ઉ.વ.29, રહે. ધરમ નગર સોસાયટી અશ્વિનીકુમાર રોડ વરાછા)

(10) વિજય મોહન કસ્તુરે (રહે. માનસી રેસીડેન્સી સી આર પટેલ કોલોની બાજુમાં ડીંડોલી)

(11) યોગેશ દિલીપભાઈ તાલેકર

(12) ગણપત યાદવ

(13) અશોક મામા ડ્રાઇવર

**આરોપીનું જેલમાંથી...**

છે. જેલમાંથી બહાર આવતા જ ચીકનાને મળવા માટે સાગરિતોનો તોફાની ટોળાટોળી ઉમટ્યો હતો, જ્યાં એક જેલ કર્મચારી પણ તેને હર્ષભેર હાથ મિલાવતો કેમેરામાં કેદ થયો. સાથોસાથ બ્લેક કારોના કાફલા સાથે કાઢવામાં આવેલ રસ્તા શોએ લોકોમાં ભય સાથે શંકા ઊભી કરી છે. આશિષ પાંડે, જેને શહેરમાં 'ચીકનો' તરીકે ઓળખવામાં આવે છે, તે લાલુ જાલિમ ગેંગનો કટ્ટર સાગરીત અને સુરતમાં અપરાધની દુનિયામાં જાણીતું નામ છે. તે વિરુદ્ધ ગેંગવોર, ખંડણી, હુમલા જેવા અનેક ગુના નોંધાયેલા છે અને તે બે વખત પાસા હેઠળ જેલ જઈ ચૂક્યો છે. તાજેતરમાં ગુજસીટોક કાયદા હેઠળ તેને ધરપકડ બાદ છોડવામાં આવ્યો હતો.જેમ જ તે લાજપોર જેલની સબજેલમાંથી બહાર આવ્યો, તેમ તેના સમર્થકો દ્વારા હીરોની જેમ સ્વાગત કરવામાં આવ્યું. આશરે 40થી 50 સાગરિતો કાળી ટી-શર્ટમાં તેની રાહ જોઈ રહ્યાં હતાં. તેને પગે લાગી આશિર્વાદ લેતા તેમજ ચીઅર્સ કરતા સાગરિતોના દ્રશ્યો જોઈ અચંભિત બનવું સ્વાભાવિક છે.

**સુરતને પણ મીની...**

જહાંગીરાબાદમાં કેનાલ રોડ પર સ્થિત વાસુ પૂજ્ય ઈન્ફ્રાના ચોથા માળે પાર્ક પેવેલિયન હોટલમાં ગેરકાયદે દેહવ્યાપાર ચાલી રહ્યાની ગુપ્ત બાતમી મળતા ક્રાઈમ બ્રાંચની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ સેલએ તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. દરોડા દરમિયાન પોલીસને હોટલના રૂમ નંબર 403 અને 407માંથી કુલ 13 વિદેશી મહિલાઓ મળીને 22 લોકો મળી આવ્યા હતા. પોલીસ હોટલના ચોથા માળે પહોંચી ત્યારે દરવાજો અંદરથી બંધ હતો અને કોઈ પ્રતિક્રિયા નહીં મળતા પોલીસે દરવાજો તોડી અંદર પ્રવેશતાં પ્રથમ હોલમાં કાઉન્ટર અને બેઠકો મળી હતી. ત્યારબાદ રૂમ નંબર 403માં 7 લોકો મળી આવ્યા હતા. પકડી પડાયેલામાં મુખ્ય આરોપી રૂપેશ ઉર્ફે મેક્સી રમેશ મિશ્રા છે, જે હોટલનો મેનેજર છે. તેની સાથે સંજય હિંગડે અને રાહુલ સોલંકી હાઉસકીપિંગમાં કામ કરતાં હતા, જ્યારે બિપીન ઉર્ફે બંટી બાબરીયા પણ મેનેજમેન્ટમાં સંકળાયેલો હતો. રુપેશ મિશ્રાએ પોલીસને જણાવ્યા મુજબ, ગ્રાહકો પાસેથી દેહસુખ માટે 3500થી 5000 સુધી વસૂલી થતી હતી, જ્યારે તેમાંથી વિદેશી મહિલાઓને માત્ર 1500 રૂપિયા ચૂકવવામાં આવતાં હતા. આ સેક્સ રેકેટ વોટ્સએપના માધ્યમથી સંચાલિત થતું હતું, જેમાં ગ્રાહકોને તસવીરો મોકલી પસંદગી કરાવી બુકિંગ લેવામાં આવતું હતું. હોટલના રૂમમાંથી મળેલી 13 મહિલા થાઈલેન્ડની હોવાની સંભાવના છે અને વિઝા શરતોના ભંગ સહિતની દિશામાં પણ તપાસ ચાલી રહી છે. પોલીસે મહિલાઓને વધુ પૂછપરછ માટે જહાંગીરપુરા પોલીસ સ્ટેશનને સોંપી છે. આ કેસમાં પોલીસે કુલ 22 લોકોને પકડી પાડ્યા છે, જેમાં 9 પુરુષ આરોપીઓ સામેલ છે. રેકેટના મુખ્ય સંચાલકો અને અન્ય વોન્ટેડ શખ્સોની શોધખોળ જારી છે. પોલીસે આ મામલે ઈમ્મોરલ ટ્રાફિક પ્રિવેન્શન એક્ટ, 1956ની કલમ 3, 4, 5, 7 તથા ભારતીય ન્યાય સંહિતા, 2023ની કલમ 144(2) અને 54 હેઠળ ગુનો દાખલ કર્યો છે અને કાયદેસરની કાર્યવાહી આગળ ધપાવી છે.

# કુખ્યાત ચીકના પર 26થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયા છે

**જેલ** કર્મચારીની ભૂમિકા પર ઉઠ્યા સવાલો

સુરતઃ આશિષ પાંડેને સોફ્ટ હેન્ડલ કરવો એ પોલીસની ભૂલ ગણાય. તેની ગુનાહિત ઈતિહાસભરેલી ફાઈલો જોઈ લો તો આશ્ચર્ય થશે. તે વિરુદ્ધ હત્યા, લૂંટ, ખંડણી, ધમકી, અપહરણ જેવા 26થી વધુ ગંભીર ગુનાઓ નોંધાયેલા છે.

ચાર વર્ષ પહેલાં તેની ધરપકડ ઉત્તર પ્રદેશના મહુલી ગામેથી કરવામાં આવી હતી. તેની ટોળકી સુરતના અમરોલી, વરાછા, ઓલપાડ અને કતારગામ વિસ્તારમાં સક્રિય રહી છે. ગુજસીટોકનો કવચ હોવા છતાં પણ જો આવા અસામાજિક તત્વોને જાહેરમાં ચાંદલો અપાય, તો પોલીસ અને કાયદા સામે લોકોમાં ભરોસો ઘટાડે એ વાત નિશ્ચિત છે.

સૌથી ચોંકાવનારો પાસું એ છે કે, વીડિયોમાં એક જેલ કર્મચારી પણ ચીકનાને ખૂબ હળવાશથી મળતો નજરે પડે છે. સરકારી પોષાકમાં એવા કર્મચારીનું આ વર્તન કાયદાના રક્ષકોની નૈતિકતાને પ્રશ્નચિહ્ન હેઠળ લાવે છે.

આ ઘટનાના વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયા બાદ લોકોમાં ભારે ચકચાર જોવા મળીરહી છે. 'ગુજસીટોક' જેવો કાયદો જ્યાં ગુનેગારોમાં ભય પેદા કરવો જોઈએ ત્યાં હવે ગુનેગારો શાનમાં બહાર નીકળી રહ્યાં છે. હવે આ કેસમાં સરકાર અને પોલીસ મહેકમ શું પગલાં લે છે એ જોવાનું છે?

**કારમાં બેસીને ચીકનાએ બતાવ્યો 'વિક્ટરી'નો સંકેત**

જેમ જ ચીકના પાંડે સ્કોર્પિયો કારમાં બેસ્યો, તેમ તેણે બંને હાથ ઊંચા કરીને 'વિક્ટરી'નો ઈશારો કર્યો. તેના સાગરિતોએ તેનો તાળો વગાડતા સ્વાગત કર્યો અને સમગ્ર દ્રશ્ય જાણે કોઈ ફિલ્મના ક્લાઈમેક્સનો ભાગ હોય તેમ લાગ્યું. ચીક્નાનું આ ઈશારો એ પ્રકારનો સંદેશ હતો કે, "હું હજી જીતી રહ્યો છું." ભલે ગુજસીટોક જેવી કડક કલમ લગાવવામાં આવી હોય, પણ તે ગુનેગારોને ડરાવતી નથી, એ તેનો જાહેર સાક્ષાત્કાર હતો. પોલીસ માટે આ દ્રશ્ય ચેતવણી સમાન છે કે કાયદાનું ભય ક્યાંય દેખાતું નથી.

**જેલ તંત્રે કહ્યું: 'ઘટના પાર્કિંગમાં બની હતી**

જેલના અધિકારીઓએ સ્પષ્ટતા કરી છે કે આ ઘટના જેલના 'જનરલ પાર્કિંગ' વિસ્તારમાં બની હતી. સુરત સબજેલના ડીવાયએસપી ડી.પી. ભટ્ટે કહ્યું કે, 'લોકો ચીકનાને લેવા આવ્યા હતા એ વાત સાચી છે, પણ જેલ કર્મચારીઓએ તેમને આગળ જવાની મંજૂરી નથી આપી.' જોકે વીડિયોમાં જે દ્રશ્યો દેખાય છે તે જોઈને એવો લાગશે કે બધું પોલીસની નજર સામે જ થયું. આ કેસમાં અધિકારીઓએ તપાસ શરૂ કરી હોવાનું જણાવ્યું છે. ત્યારે પ્રશ્ન એ પણ છે કે જેલનું પાર્કિંગ ગુજરાતની બહાર છે?



# વિહાણ ગામે મંદિરની દાન પેટી તસ્કરો ઉઠાવી ગયા

**ગામની** મંડળી અને ઘરમાં ચોરીનો પ્રયાસ, સીસીટીવીમાં ચાર તસ્કર કેદ થયા

કામરેજઃ વિહાણ ગામે શનિવારના મોડી રાત્રિના ગામમાં આવેલી સહકારી મંડળી, મંદિર અને એન. આર. આઈ ના બંધ મકાનને નિશાનો બનાવ્યો હતો. પરંતુ મંદિરની દાન પેટી જ તસ્કરો લઈ ગયા હતા.

વિહાણ ગામમાં રાધાકૃષ્ણનું મંદિર આવેલું છે. શનિવારે મંદિરના પૂજારી મંદિર બંધ કરી ગયા બાદ રવિવારે નિત્યક્રમ મુજબ સવારે મંદિરે આવતા તપાસ કરતાં મંદિરની દાન પેટીની ચોરી થયાનું જણાયું હતું. જેના લઈને ગામ લોકોને જાણ કરતાં ગામમાં મંદિર ફળિયામાં જ રહેતા અને વિદેશમાં રહેતા એન.આર.આઈ પ્રફુલ રમણભાઈ પટેલના ઘરનો દરવાજો તોડી ઘરમાં મુકેલો સમાન વેરવિખેર કરી નાખ્યો હતો. પરંતુ તસ્કરોને કંઈજ હાથ ન લાગ્યું હતું.

ગામમાં આવેલી વિહાણ બાગાયત સહકારી મંડળીનું પણ શટર ઊંચું કરી મંડળીમાં પણ ટેબલના ખાના વેરવિખેર કર્યા હતા પણ ત્યાં પણ કશું જ હાથ ન લાગતા વીલા મોઢે તસ્કરો પરત ફરવું પડ્યું હતું. ચોરી કરવા આવેલા તસ્કરો મંડળીમાં લગાવેલા સીસીટીવીમાં ચાર તસ્કરો કેદ થયાં હતાં. તસ્કરો રાત્રિ 1.15 કલાકે આવ્યા હતાં.